# રજાઓ અંગેની વિગતો

સંદર્ભ :– (૧) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો ૧૯૭૪

૩૦. (૧) રજા હક તરીકે માગી શકાશે નહિ યથા પ્રસંગ શાળાના ઉપરી અથવા સંચાલક સમિતિને રજાની ના પાડવાની અથવા રદ કરવાની મુનસફી રહેશે.

(૨) (ક) વડા શૈક્ષણિક વર્ષમાં વધુમાં વધુ ૧૫ દિવસની મુદત સુધી પરચુરણ રજા આપી શકાશે, પરંતુ તે એવી શરતે કે સામાન્ય રીતે પણ કરતાં વધારે ન હોય તેટલા દિવસની પરચૂરણ એક સાથે ભોગવી શકાશે અને સંજોગોમાં ફકત ૧૦ દિવસ સધી લંબાવી શકાય.

(ખ) બે કરતાં વધારે ન હોય જાહેર રજા, પરચૂરણ રજાના કોઈ ગાળા સાથે કે પાછળ કે આગળ પાછળ એમ બંને સાથે જોડીને ભોગવી શકાશે અને પરચૂરણ રજા સાથે સતત ભોગવેલી જાહેર રજાઓની કુલ મુદત અપવાદરૂપ સંજોગોમાં ૧૦ દિવસ સુધી હોય તે સિવાય, ફકત સાત દિવસ કરતાં વધવી જોઈશે નહિ.

(ગ) પરચૂરણ રજા સાથે બે કરતાં વધારે ન હોય તેટલી જાહેર રજાઓ તેની આગળ પાછળ જોડી શકાશે અને એવી રીતે આગળ કે પાછળ જોડેલી કોઈ જાહેર રજાઓ બે કરતાં વધે ત્યારે તે પરચૂરણ રજા તરીકે ગણાશે. પરચૂરણ રજાની બે મુદત વચ્ચે આવતા રવિવારો અને જાહેર રજાના દિવસો પરચૂરણ રજાના ભાગ તરીકે ગણાશે.

(ઘ) પરચૂરણ રજા શાળાના ઉપરીની પૂર્વ પરવાનગી સિવાય, સામાન્ય રીતે વેકેશનની સાથે તેની આગળ કે પાછળ જોડી શકાશે નહિ.

(ચ) ગેરહાજરીની મુદત કામકાજના અર્ધા દિવસ જેટલી હોય અથવા તેના કરતાં ઓછી હોય તો અર્ધા દિવસની પરચૂરણ રજા ભોગવવાની છૂટ આપી શકાશે.

(છ) શનિવારે, જો અર્ધો કામકાજનો દિવસ હોય તો તે દિવસની અથવા જો શાળા બીજા કોઈ દિવસે અર્ધો દિવસ પાળતી હોય તો તે દિવસની ગેરહાજરી અર્ધા દિવસની પરચૂરણ રજા ગણતી નથી : પણ આખા દિવસની પરચૂરણ રજા ગણવાની હોય છે.

(ડ) દરેક વર્ષના માર્ચ/ એપ્રિલ અને ઓકટોબર/નવેમ્બર મહિનામાં બોર્ડ ધ્વારા લેવાતી પરીક્ષામાં સબંધમાં સૈધ્ધાંતિક અને પ્રત્યક્ષ કામની પરીક્ષા માટે, પેપર–સેટર, મોડરેટર, પરીક્ષકો વગેરે તરીકેની તેમની નિમણૂંકના કારણે ફરજ પરથી ગેરહાજર રહેવાનું જરૂરી હોય તેવી વ્યકિતઓ ને પરચૂરણ રજા તેમની પાસે લેણી ન હોય તો ખાસ કિસ્સા તરીકે ની આગળ અને / અથવા પાછળ

જોડવાની પરવાનથી સાથે, કોઈ વર્ષમાં પંદર દિવસ સુધીની ખાસ પરચૂરણ રજા લેવાની છૂટ આપવી જોઈએ. પરંતુ તે એવી શરતે કે બોર્ડના અધિકૃત અધિકારી એવુ પ્રમાણપત્ર આપે કે વ્યકિતઓની હાજરી પરીક્ષાઓના સંબંધમાં ખાસ દિવસો માટે જરૂરી છે તો હવે આ રજાઓ ફરજ પરની ગણાય છે.

(૩) (ક) શાળાના કાયમી કર્મચારીને તબીબી પ્રમાણપત્ર ઉપરથી અથવા બીજી રીતે દરેક પૂરા વર્ષની નોકરી માટે ૨૦ દિવસ સુધીની અર્ધા પગારની રજા મંજૂર કરી શકાશે. કર્મચારીએ તબીબી પ્રમાણપત્રના આધારે રજા માટે કરેલી દરેક અરજી સાથે રજિસ્ટર થયેલા તબીબ વ્યવસાયીનુ પ્રમાણપત્ર સામેલ કરવુ જોઈશે અને તેમાં બને ત્યાં સુધી માંદગીનો પ્રકાર અને સંભવિત મુદત સ્પષ્ટપણે જણાવવી જોઈશે.

(ખ) રજા મંજુર કરવાની સતા ધરાવતા અધિકારી, પોતાના સ્વવિવેકાનુસાર અરજદારની તપાસ કરવાની સિવિલ સર્જનને અથવા જિલ્લા તબીબી અધિકારીને વિનંતી કરીને બીજો તબીબી અભિપ્રાય મેળવી શકાશે. બીજો તબીબી અભિપ્રાય મેળવવાનું નકકી કરવામાં આવે ત્યારે તેણે જે તારીખે પ્રથમ તબીબી અભિપ્રાય આપ્યો હોય તે તારીખ પછી બને તેટલી વહેલી તારીખે પોતાના ખર્ચે ફરી તપાસ કરવા માટે વ્યવસ્થા કરવી જોઈએ અને અરજદારે મૂળ રજૂ કરેલું તબીબી પ્રમાણપત્ર જે તબીબી અધિકારી તેની ફરી તપાસ કરવાના હોય તેને મોકલવુ જોઈએ.

(ગ) અર્ધા પગારની રજાથી વધુમાં વધુ મુદત એકી સાથે ૧૨૦ દિવસ પૂરતી મર્યાદીત રહેશે

(૪) લેણી નીકળતી અર્ધા પગારની રજા અર્ધા કરતાં વધારે ન હોય તેટલી રૂપાંતરીત રજા નીચેની બાબતોના આધારે મંજૂર કરી શકાશે.

(ક) સિવિલ સર્જનના અથવા રજા મંજૂર કરવાની સતા ધરાવતા અધિકારીએ જણાવેલ રજિસ્ટર થયેલા તબીબ વ્યવસાયીના તબીબી પ્રમાણપત્ર ઉપરથી અથવા

(ખ) સદરહું સતાધિકારીએ માન્ય રાખેલ કાયદેસરના કારણે.

શાળા સમિતિ અથવા સંચાલક નીચેની શરતો આધીન રહીને મંજુર કરી શકાશે.

(૧) સમગ્ર નોકરી દરમિયાન રૂપાંતરીત રજા વધુમાં વધુ ૩૦૦ દિવસ પૂરતી મર્યાદીત રહેશે.

(૨) રૂપાંતરિત રજા મંજૂર કરવામાં આવે ત્યારે રજાથી બમતી રજા લેણી નીકળતી અર્ધા પગારની રજા સામે ઉધારવામાં આવશે અને

(૩) હક રજા અને તેની સાથે લીધેલી રૂપાંતરિત રજાની કુલ મુદત ૩૦૦ દિવસ કરતાં વધવી જોઈએ નહિ.

પરંતુ રજા મંજૂર કરવાની સતા ધરાવતા અધિકારીએ એમ માનવાને કારણ હોય કે કર્મચારી રજા પુરી થતા ફરજ ઉપર હાજર થશે નહિ તો રૂપાંતરિત રજા આ નિયમ હેઠળસ મંજૂર કરી શકાશે નહિ.

(ખ) એકંદર છત્રીસ મહિના કરતાં વધારે ન હોય તેટલા દિવસની વગર પગારની રજા વિનિમય પ્રમાણે બીજી કોઈ રજા મળવાપાત્ર ન હોય અથવા બીજી રજા મળવાપાત્ર હોય પણ કર્મચારી વગર પગારની રજા મંજુર કરવા માટે લેખિત અરજી કરે ત્યારે ખાસ સંજોગોમાં કર્મચારી ને તે આપી શકાશે. પરંતુ કાયમી કર્મચારી સિવાયના દાખલામાં વગર પગારની રજાની મુદત કોઈ એક પ્રસંગે જયારે તે કર્મચારી ક્ષય અથવા રકતપિતની સારવાર લેતો હોય ત્યારે ૧૨ મહિના અને બીજા કોઈ દાખલામાં ચાર મહિના કરતાં વધવી જોઈએ નહિ. રજા મંજૂર કરવાની સતા ધરાવતા અધિકારી રજા વગર ગેરહાજરીની મુદતું પાછળથી વગર પગારની રજામા રૂપાંતર કરી શકાશે.

(૩૦) (૬)(એ) જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતાં વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને જ ૧૩૫ દિવસની પ્રસુતિની રજા મંજુર કરી શકાશે.

(ખ) પેટા–ખંડ (ક) હેઠળ પ્રસુતિ અંગેની રજાના આરંભના દિવસો જે મહિલા કર્મચારીએ બે વર્ષની અથવા બે કરતાં વધારે વર્ષની નોકરી કરી હોય તેને પૂરા પગાર આવી રજા મંજૂર કરી શકાશે.

(ઘ) પ્રસૂતિ અંગેની રજા, રજા હિસાબ ખાતે ઉધારાશે નહિ. પ્રસુતિ અંગેની રજાના અનુસંધાને કોઈપણ પ્રકારની રજા મંજૂર કરી શકાશે, પરંતુ રજા મંજૂર કરવા માટેની અરજીને તબીબી પ્રમાણપત્ર ધ્વારા સમર્થન મળવું જોઈશે.

(ચ) પુરા પગારની પ્રસુતિ અંગેની રજા સમગ્ર નોકરી દરમ્યાન બે વખત મંજૂર કરવામા આવશે.

**નોંધ :–** આ વિનિમય હેઠળની રજા, કસુવાવડ અથવા ગર્ભપાતની બાબતમાં મળવાપાત્ર છે. (૭) (ક) કોઈપણ શૈક્ષણિક વર્ષ માટે અધ્યાપકીય સ્ટાફના કાયમી સભ્યને મળવાપાત્ર હક રજા જે વર્ષ માટે તેને કામ કરવાની ફરજ પડી હોય તે વર્ષમાં આવા વેકેશનના દિવસો જેટલી હોવી જોઈશે.

પરંતુ આવી હક રજા કોઈ શૈક્ષણિક વર્ષમાં ત્રીસ દિવસ કરતા વધારે હોવી જોઈએ નહિ. વધુમાં આવા સભ્યોને તેની લેણી નીકળતી હક રજા ૩૦૦ દિવસની થાય કે તરત જ હક રજા પ્રાપ્તી થતી બંધ થશે.

(ખ) બિન–અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય) કોઈપણ વેકેશન માટે હકદાર થશે નહિ, પણ નોકરીના પૂરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજના વર્ષ દીઠ હક રજા મળશે.

પરંતુ આવા સભ્યને તેની ૩૦૦ દિવસની હક રજા લેણી થાય એટલે તરત જ હક રજા મળતી બંધ થશે.

(૮) પરચૂરણ રજા સિવાયની કોઈપણ પ્રકારની રજા બીજા પ્રકારની રજા સાથે કે તેના અનુસંધાને મંજૂર કરી શકાશે.

(૯) (ક) અધ્યાપકીય અને બિન–અધ્યાપકીય સ્ટાફના હંગામી સભ્ય પરચૂરણ અને પ્રસુતિ અંગેની રજા સિવાયની બીજી કોઈ પગાર સાથેની રજા મેળવીને હકદાર રહેશે નહિ.

પરંતુ જયારે આવા સભ્યને કાયમી જગા ઉપર કાયમી ધોરણે નિમવામાં આવે ત્યારે, તેણે અગાઉ સતત બજાવેલી ફરજ કાયમી સભ્ય તરીકેની હોય તેમ તેને મળવાપાત્ર થઈ હોત તે રજા તેને ખાતે જમા કરી શકાશે,

વધુમા રજા મંજૂર કરવાની સતા ધરાવતા અધિકારીને એમ માનવાને કારણ હોય કે સંબંધિત સભ્ય અર્ધા પગારની રજા પૂરી થયે ફરજ ઉપર પાછા ફરશે તો દરેક સંપૂર્ણ શૈક્ષણિક વર્ષ માટે ૧૫ દિવસ લેખે અર્ધા પગારની રજા મંજૂર કરીશકાશે.

(૧૦) રૂપાંતરીત રજા સિવાયની ૧૫ દિવસની મુદત સુધીની કોઈ પ્રકારની રજા હેડ માસ્તર, અધ્યાપકીય અને બિન–અધ્યાપકીય સ્ટાફના સભ્યને મંજૂર કરી શકાશે.

(૧૧) હેડ માસ્તર અથવા અધ્યાપકીય અને બિન–અધ્યાપકીય સ્ટાફની સભ્યની ગમે તેટલી હક રજા થાય તો પણ નોકરી ચાલુ હોય તો શાળામાં ફેરફાર થવાને કારણે રદ થશે નહિ.

- **રજા પગારની ગણતરી**

૩૧ (૧) (ક) હક રજા ઉપર હોય કે કર્મચારી જે મહિનામાં રજા શરૂ થાય તેની તરત જ અગાઉના પૂરા દસ મહિના દરમિયાન તેણે મેળવેલા સરેરાશ માસિક પગાર અથવા જે કાયમી પગાર માટે તે હકદાર હોય તે કાયમી પગાર, એ બેમાંથી જે વધારે હોય તેના જેટલો રજાનો પગાર અથવા જે કાયમી પગાર માટે તે હકદાર હોય તે કાયમી પગાર, એ બેમાંથી વધારે હોય તેના જેટલો રજાનો પગાર મેળવવાને હકદાર રહેશે.

પરંતુ જગાનો અધિકતમ પગાર દર મહિને રૂ. ૧૧૦ કરતાં વધુ ન હોય ત્યારે કર્મચારી રજા ઉપર ઉતરે તરત જ પહેલાં તેણે મેળવેલા પગાર જેટલો પગાર મેળવવાને હકકદાર થશે.

(ગ) રૂપાંતરિત રજા ઉપર હોય તે કર્મચારી પેટા–ખંડ (ખ) હેઠળ મળવાપાત્ર રકમથી બમણી રકમ જેટલો રજાનો પગાર મેળવવા હકદાર રહેશે.

(ઘ) વગર પગારની રજા હોય તે કર્મચારી કોઈપણ રજાનો પગાર મેળવવાને હકકદાર રહેશે નહિ.

(૨) કોઈ કર્મચારીને ખાતે જમા નીકળતી રજા નિવૃતિની તારીખે રદ થશે.

હીતમાં રજા આપવાની ના પાડવામાં આવી હોય ત્યારે નિવૃતિવયની તારીખ પછી અથવા ફેર–નિમણૂકની મુદત સમાપ્ત થયા પછી વધુમાં વધુ ચાર મહિનાની મુદત સુધીની ના મંજૂર કરેલી રજા મંજૂર કરી શકાશે.

(૩) નિવૃતિ વય પછી નોકરીમાં ચાલુ રાખેલો કર્મચારી વિનિમય ૩૦ ના ખંડ (૭) માં જણાવેલા દરે તેની નોકરીની વધારેલી મુદત માટે રજા પ્રાપ્ત કરશે, જે તે ફેર–નિમણૂકની વધારેલી મુદત પૂરી થયા પહેલાં ભોગવી શકાશે.

(૪) દરેક કર્મચારી રજાનો હિસાબ નમૂના ૬ મુજબ રાખવામાં આવશે.

(૫) પૂરા અથવા અર્ધા પગારની રજા ઉપર હોય તે કર્મચારી રજાની મુદત દરમિયાન પગાર સાથેની કોઈ નોકરી અથવા મહેનતાણું સ્વીકારી શકાશે નહિ.

(૬) (ક) રજા માટેની અથવા રજા લંબાવવા માટેની અથવા વેકેશન પછી રજા ઉપર ઉતરવા માટેની અરજી સામાન્ય રીતે જે તારીખથી રજા લેવા અથવા લંબાવવા ધાર્યુ હોય તે તારીખ પહેલાં સમયસર કરવી જોઈશે.

(ખ) શિક્ષણ અને મંજૂર વિભાગના તા. ૨૧–૬–૭૬ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ એસ.ઈ. આર. ૧૯૭૪ ૫૭૯૫–જી થી કમી કર્યા.

(૭) રજા ઉપર હોય તે કર્મચારીને મંજૂર કરનાર સતાધિકારીની પરવાનગી સિવાય રજા પૂરી થતાં પહેલાં ફરજ ઉપર પાછા ફરવા દઈ શકાશે નહિ.

(૮) વહીવટી જરૂરીયાત અપવાદરૂપ સંજોગો હેઠળ રજા મંજૂર કરવાની સતા ધરાવતા અધિકારી તાકીદની સ્થિતિનો પ્રકાર સમજાવીને રજા ઉપર હોય તે કર્મચારીને ફરજ ઉપર પાછો બોલાવી શકાશે અને ફરજ ઉપર પાછા ફરવાની જવાબદારી કર્મચારીને માથે રહેશે. જયારે કર્મચારી ફરમાવ્યા પ્રમાણે ફરજ ઉપર હાજર ન થાય ત્યારે તેણે તે ખરેખરા સંજોગે કારણે ફરજ પર હાજર થઈ શકયો નથી એવી સદરહું સતાધિકારીને ખાતરી કરાવવી જોઈએ.

## • એક પ્રકારની રજાનું બીજા પ્રકારની રજા સાથે જોડાણ

વિનિયમ ૩૦(૮) માં જોગવાઈ કર્યા મુજબ પરચૂરણ રજા સિવાયની કોઈપણ પ્રકારની રજા પ્રકારની રજા સાથે કે તેના અનુસંધાને મંજૂર થઈ શકશે, આ રીતે પરચૂરણ રજાને બીજી કોઈપણ પ્રકારની રજા સાથે લેવાની છૂટ નથી.

.........................................................................................

## • ફરજ રજા

નીચેના કિસ્સાઓમાં ફરજ રજા મળવાપાત્ર થાય છે :

શિક્ષણ અને મંજૂર ખાતાના તા.૨૨–૧૨–૬૫ ના ઠરાવ મુજબ રાજયના કોઈપણ સ્થળે રેડક્રોસ ટ્રેનિંગ કેમ્પમાં શિક્ષકો ભાગ લે છે ત્યારે તાલીમ દરમ્યાન.

બોર્ડના તા.૩૧–૫–૧૯૭૧ ના પરિપત્ર મુજબ ગુજરાત એસ.એસ.સી. પરીક્ષા સુધારણાના કાર્યક્રમ તરીકે યોજવામાં આવતા શિબિરોમાં ભાગ લેવા જનાર શિક્ષકોને શિબિરના સ્થળે જવા, ત્યાંથી પાછા વળવા સહિત ભાગ લેવાના દિવસો દરમ્યાન.

શિક્ષણ વિભાગના તો ૩૦–૩–૭૨ ના પરિપત્ર મુજબ અખિલ ભારતીય હિંદી સંઘની સાથે જોડાયેલ હિંદી પ્રચારની સંસ્થાઓ ધ્વારા યોજાયેલી હિંદી પ્રચાર અંગેના સંમેલન, તાલમ વર્ગ અથવા ટૂંકી શિબિરમાં શિક્ષકે હાજરી આપી હોય તો કેલેન્ડર વર્ષમાં ચાર દિવસની મર્યાદામાં.

ગૃહ વિભાગના તા.૧૮–૭–૭૬ ના પરિપત્ર મુજબ ગૃહ રક્ષક દળમાં જોડાયેલ કર્મચારીઓને જયારે જયારે અગત્યની ફરજ ઉપર બોલાવવામાં આવે ત્યારે ફરજ બજાવે તેટલા દિવસો સુધી.

બોર્ડના તા.૨૩–૬–૭૮ ના પરિપત્ર મુજબ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સનેટર તરીકે હાજરી આપતા શિક્ષકો  તથા આચાર્યશ્રીન તેટલા દિવસ પૂરતી.

ગૃહ વિભાગના તા.૨૭–૮–૧૯૮૦ ના પરિપત્ર મુજબ ગ્રામરક્ષક દળમાં જોડાયેલા કર્મચારીઓને કોઈપણ આકસ્મિક સંજોગોમાં ગ્રામરક્ષક દળમાં સભ્યોની સેવાની જરૂર પડે ત્યારે.

ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૦–૫–૮૨ ના પરિપત્ર મુજબ પાઠયપુસ્તક મંડળ તરફથી યોજવામાં આવતી મીટીંગો કે કાર્યશિબિરમાં ઉપસ્થિત રહેનાર માધ્યમિક શાળાના આચાર્ય અને શિક્ષકોને,

બોર્ડના તા.૧૩–૯–૧૯૮૩ ના પરિપત્ર મુજબ કોઈપણ કર્મચારી જે બોર્ડના સભ્ય છે, તેઓ બોર્ડની મિટિંગ કે સમિતિમાં હાજરી આપે તો.

બોર્ડના તા.૧૯–૧૦–૮૩ અને તા.૧૦–૧૨–૮૫ ના પરિપત્રો મુજબ કોઈપણ કર્મચારીને બોર્ડની કામગીરી બાબતે શાળામાં હાજરી આપવાનુ ન બને ત્યારે.

ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીના પરીપત્ર મુજબ એન.સી.સી. નુ કામ સંભાળતા ખાનગી સંસ્થા કામ કરતાં શૈક્ષણિક કર્મચારીઓની એન.સી.સી.ની પ્રવૃતિ માટે બોલાવવામાં કે રોકવામાં આવે ત્યારે તેમણે ગાળેલા રોકાણના સમય દરમ્યાન.

બોર્ડના તા. ૨૧–૧૨–૮૭ ના પરિપત્ર મુજબ માઘ્યમિક શાળાના શિક્ષકો તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓને શાળાના કામકાજને અસર ન રીતે દુષ્કાળની હાલની પરીસ્થિતિમાં સેવા કરતા જતા.

ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીના તા.૨૦–૬–૮૮ ના પરિપત્ર મુજબ પૌઢ શિક્ષણ ધિકરાણ કેન્દ્રોના વર્ગ સંચાલકોને તાલીમ શિબિરમાં વ્યાખ્યાન આપવા માઘ્યમિક/ ઉચ્ચ માઘ્યમિક શાળાઓના આચાર્યો/ શિક્ષકોને જવાનુ થાય ત્યારે.

શિક્ષણ વિભાગના તા.૧૨–૯–૮૮ ના ઠરાવ મુજબ ગુજરાત રાજય ભારત સ્કાઉટ અને ગાઈડ સંધની પ્રવૃતિ સાથે સંકળાયેલા પદાધિકારીઓ/ શિક્ષકોને જયારે આ પ્રવૃતિ માટે બહાર જવાનુ થાય ત્યારે.

ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી તા. ૧૦–૪–૯૧ ના પત્ર મુજબ યોગની તાલીમ માટે જયારે જયારે વ્યાયામ શિક્ષકોને બોલાવવામાં આવે ત્યારે.

નાણાં વિભાગના તા. ૧૦ મી જાન્યુઆરી, ૧૯૮૦ ના ઠરાવ મુજબ વિકલાંગ કર્મચારીને વાહન ભથ્થાની મંજૂરી માટે ભલામણ મેળવ્યા મુખ્ય મથક બહાર આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં આવે ત્યારે.

પરંતુ નીચેના કિસ્સામાં ફરજ રજા મળવાપાત્ર નથી.

બોર્ડના તા. ૨૧–૧૨–૮૩ પત્ર મુજબ કોઈપણ કર્મચારીને અન્ય શાળા/ માઘ્યમિક શાળા શિક્ષણ સંલગ્ન નથી તેવી શૈક્ષણિક કાર્યવાહીમાં બેસવા માટે.

## બિનસરકારી માધ્યમિક શાળના ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટેના કર્મચારીઓને વિવિધ લાભો મળવા બાબત..

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ઉમશ–૧૧૮૩–૧૧૪૨૪–ગ–૧,
નવા સચિવાલય, ગાંધીનગર તા. ૩૧–૧૨–૧૯૮૩

**વંચાણમાં લીધા :** (૧) ભૂતપૂર્વ શિક્ષણ અને મંજુર વિભાગનો તા.૨૧–૧૨–૭૧ નો વખતો વખત સુધારેલો પેન્શન યોજના અંગેનો સરકારી ઠરાવ ક્રમાંક : એસએસએન ૩૪૭૦/૪૧૪૫/ગ અને તા. ૨૪–૧૧–૭૭ નો (વખતો વખત સુધારેલો પ્રોવિડન્ડ ફંડ યોજના અંગેન ઠરાવ ક્રમાંક : એસ.એસ.એન.૩૪૭૭/૩૬૦૪૧/ગ અને સીધા પગારની યોજના અંગેનો તા. ૧૫–૯–૭૭ નો (વખતો વખત સુધારેલો) ઠરાવ ક્રમાંક : ટીજેઆર ૧૦૭૨/૯૨૮૨૩/ જી.

(૨) શિક્ષણ વિભાગનો તા. ૭–૨–૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૭૯–૬૬૩૨૨–ગ (લીવએનકેશનમેન્ટ અંગે)

(૩) શિક્ષણ વિભાગનો તા. ૫–૩–૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંક : બમશ–૧૩૭૯–ખા–૫૫૩૫–ગ (એલટીસી અન મેડીકલ બેનિફિટ અંગે)

(૪) શિક્ષણ વિભાગનો તા.૧૩–૯–૮૩ નો સરકારી ઠરાવ ક્રમાંક : બમશ–૧૩૭૯–૪૫૦૬૦ (૮૩)–ગ (જી.પી.એફ. ડિપોઝીટ લિન્કડ ઈન્સ્યોરન્સ સ્કિમ)

(૫) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમય ૩૦ અને ૩૧ અનુસારની રજાઓ

પરિપત્ર :– રાજયમાં ૧૦ + ૨ શિક્ષણની નવી રાહ તરાહ હેઠળ વિવિધ પ્રવાહોમાં નકકી કરેલા અભ્યાસક્રમ પ્રમાણેનું શિક્ષણ આપવાની જોગવાઈ અત્યારે ૧૩૧૪ જેટલા માધ્યમિક શાળાઓમાં છે અને તા.૩૧–૧૨–૭૬ ના ઠરાવ ક્રમાંક ઈ.ડી.એસ ૯૧૭૬/૧૭૫૯૭–ગ અનુસાર ધો.૮ અને ૧૨ ને સંલગ્ન ગણવામાં આવ્યા છે તે દ્રષ્ટિએ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના પગાર અને ભથ્થાની આકારણી કરીને તેનુ ચૂકવણુ કરવામાં આવ છે. પરંતુ અમુક અમુક જિલ્લામાંની કેટલીક શાળાઓને તેના ઉચ્ચતર માધ્યમિક વિભાગના કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડના ખાતા ખોલ્યા નથી. અને તે અંગેની કપાત થતી નથી. વળી, માધ્યમિક વિભાગના કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડના ખાતા ખોલ્યા નથી. અને તે અંગેની કપાત થતી નથી. વળી, માધ્યમિક વિભાગના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને જે અન્ય લાભો (જેવા કે લીવ એનકેશમેન્ટ, રજાઓ મેડીકલ બેનિફિટ ઈત્યાદી) ઉપર આમુખમાં દર્શાવેલ હુકમો અન્વયે મળે છે. તે ઉચ્ચતર માધ્યમિક વિભાગના સ્ટાફના સભ્યોને અલાયદા અને સરકારના સ્પષ્ટ હુકમો હોય તો જ આપી શકાય તેવા હુકમોના અભાવે તે અંગેના ખર્ચ ભવિષ્યમાં અમાન્ય થાય તો

શાળાઓ પાસેથી વસુલાત કરવાના પ્રશ્નો આવે એવી શાળાઓને દહેશત રહેતી નથી. આ અંગે ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળે તથા જિલ્લા કક્ષાના ઘટક સંઘોએ પણ રજુઆત કરી છે કે આ બાબતમાં સરકારે એક સર્વગ્રાહી સૂચના બહાર પાડવી જોઈએ અને રાજયની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તેના અમલમાં એકસૂત્રતા જળવાય તેમ કરવું જોઈએ. સબબ, આથી આવી સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે કે, ઉપર આમુખમાં જણાવેલ વિવિધ લાભો અંગેના જે તે હુકમો અનુદાન માટે માન્ય એવી ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે સીધી ભરતીથી નિયમાનુસાર નિમાયેલા જે તે શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ મળવાપાત્ર છે. તો તે લાભ મળવા અંગેના હુકમોનો તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમલ થાય તે માટે સંયુકત શિક્ષણ નિયામક(૧૦+૨ ખાસ ઘટક) ગુજરાત રાજય અમદાવાદ તથા તમામ જિલ્લા શિક્ષણાધિકારી ઓને આથી વિનંતી કરવામાં આવે છે કે આ સ્પષ્ટતા તેમના તાબા હેઠળની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધ્યાન ઉપર આવે તેવી કાર્યવાહી હાથ ધરવી.

૩. આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની સંમતિ તા. ૨૦–૧૨–૧૯૮૩ ના રોજ મળ્યા બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સહી) વી.આર. રાણા**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

........................................................................................

## જિલ્લા કક્ષાના માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સંઘોના હોદેદારોને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ઉમશ–૧૨૮૪–૧૭૭૨૯–ગ–૧,
સચિવાલય, ગાંધીનગર તા. ૨–૧– ૮૭

**વંચાણમાં લીધા :** (૧) સરકારના સા. વ. વિભાગના તા. ૩–૮–૭૭ ના ઠરાવ ક્રમાંક : કમમ–૧૦૭૭–ક

(૨) ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળનો તા. ૪–૮–૮૬ નો જાવક ક્રમાંક : ૧૧૧/૮૫–૮૬

**ઠરાવ :–** ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના આમુખ (૨) માં દર્શોલ તા. ૪–૮–૮૬ ના પત્રથી જિલ્લા કક્ષાના માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના સંઘના

હોદેદારો ને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે સરકારમાં રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત વિચારણામાં લઈ જિલ્લા કક્ષાનતી માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓના માન્ય મંડળો/ સંઘોના હોદેદારોને રાષ્ટ્રીય રાજય કે જિલ્લા કક્ષાએ સેમિનાર (પરિષદ) તેમજ મંડળ/ સંઘને લગતી બેઠકો (પરિષદ) અને બીજી પ્રવૃતિઓમાં હાજરી આપવા આખા અંગ્રેજી કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ દસ(૧૦) દિવસની ખાસ પ્રાસંગિક રજા નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને મંજૂર કરવાનુ ઠરાવવામાં આવે છે. આ પ્રકારની રજાઓ જે તે શિક્ષક/ કર્મચારીને સામાન્ય પ્રાસંગિક રજા મંજૂર કરવાની સતા ધરાવતા શાળના આચાર્યશ્રી અથવા સંચાલક મંડળે મંજૂર કરવી અને આ બાબતે મતભેદ પડે તો જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે

(૧) આ પ્રકારની ખાસ પ્રાસંગિક રજા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીએ માન્ય કર્યો હોય તેવા જ જિલ્લા કક્ષાના / સંઘોના હોદેદારોને મળવાપાત્ર થશે.

(૨) કોઈપણ હોદેદારોને એકી સાથે જુદા જુદા માન્ય મંડળો/ સંઘોમાં એક કરતાં વધુ હોદા પર હોય છતાં પણ તેને આખા અંગ્રેજી વર્ષમાં (૧૦) દસ દિવસથી વધુ ખાસ પ્રાસંગિક રજા મળી શકશે નહિ.

(૩) કોઈપણ હોદેદારોને જે તે વર્ગના કર્મચારીઓની નોકરી અંગેના પ્રશ્નોની ચર્ચા કરવા માટે ખાસ પ્રાસંગિક રજા આપવામાં આવશે નહિ, પરંતુ તે પરિષદ કે સેમિનાર માત્ર શૈક્ષણિક હેતુ માટે હોય તો જ ખાસ રજા મંજૂર કરવામાં અ ાવશે.

(૪) કોઈપણ હોદેદારોને મંડળના કામે બેન્કમાં જવા માટે, હિસાબો તૈયાર કરવા ઓડિટ તૈયાર કરાવવા મંડળનુ લવાજમ ઉઘરાવવા તથા મંડળની ચૂંટણી અંગેની કામગીરી પૂરી કરવા કે શાળાના સમય બાદ પણ હાથ ધરી શકાય તેવી અન્ય કોઈ પ્રવૃતિઓ માટે આ સવલતને આધારે ખાસ પ્રાસંગિક રજા મળવાપાત્ર થશે નહિ.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સહી) મ. દિ. પંડયા,**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

## બિન સરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફને નિવૃતિને વખતે નકારાયેલી જમા રહેલી પ્રાપ્ત રજાનું રોકડમાં ચૂકવણું કરવા બાબત અને તે માટેની ગ્રાન્ટ માન્ય રાખવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
૫, સરદાર ભવન, ૭ મો માળ, નવ સચિવાલય, ગાંધીનગર તા.૨૨–૮– ૮૮

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,
જૂના સચિવાલય, ગાંધીનગર

ઉપરોકત વિષય અંગેના આપના તા. ૧૬–૮–૮૮ ના ય.સ. પત્ર ક્રમાંક : અનુ. ૧–૫–૯૯૩૭ ના અનુસંધાનમાં જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો, ના વિનિમય ૩૦ (૭) મુજબ બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને શાળાના હિતમાં રજા દરમિયાન કામગીરી માટે ફરજ પડી હોય તો તેમને તેમ બજાવેલ કામગીરીના દિવસો જેટલી એક વર્ષમાં વધુમાં વધુ ૩૦ દિવસની મર્યાદામાં પ્રાપ્ત રજા મળવાપાત્ર છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો, ૧૯૭૪ ના વિનિમય ૩૧(૨) મુજબ કોઈપણ કર્મચારીની તેને ખાતે જમા રહેલી રજા તેની નિવૃતિની તારીખે રદ થાય છે પરંતુ નિવૃતિ પહેલાં પૂરતાં સમયમાં તેમણે રજા માટે વિધિસર અરજી કરી હોય અને શાળાના હિતમાં તેમની રજા નકારવામાં આવી હોય તો આવી નકરાયેલી વધુમાં વધુ ચાર મહિનાની મુદત સુધીન રજાઓ નિવૃતિ વય પછી મંજૂર કરી શકાય તેવી જોગવાઈ છે.

૨. બિનસરકારી માધ્યમિક શાળાઓના સ્ટાફની રજા મંજૂર કરવાની સતા શાળાના સંચાલક મંડળને છે. પરંતુ નિવૃતિવય પછી રજા મંજૂર કરવી તે બીજા અર્થમાં પુનઃ નિયુકિત જ કહેવાય. તે જો આવી રજાઓ મંજૂર કરી શકાય નહિ. જો કર્મચારીની નિવૃતિ બાદ સંચાલક મંડળ આવ રજા મંજૂર કરે તો તેનો પગાર સંચાલકમંડળે ચૂકવવાનો થાય અને તેનાં પર ગ્રાન્ટ પણ મળી શકે નહી. કારણ કે સંચાલકમંડળ જે તે શૈક્ષણિક કર્મચારી જયારે રજાની માગણી કરે ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરીને રજા મંજૂર કરે તો નિવૃતિ સમય પહેલાં મંજૂર કરેલ રજાનો પગાર ગ્રાન્ટને પાત્ર રહી શકે, પરંતુ નિર્વતિ બાદ જો રજા મંજૂર કરવામાં આવે તો તે રજાનો પગાર સંચાલક મંડળે જ ચૂકવવાનો થાય, આમ ગ્રાન્ટ–ઈન–એઈડ કોડની કલમ–૮૧ મુજબ ફરીથી નોકરીમાં લેવાયેલી વ્યકિતઓ ખાતા ધ્વારા નિયત થયેલા પગાર ધોરણ અને ભથ્થાં માટે હકકદાર રહે નહિ.

**(સહી) એમ.સી. વાઘેલા**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

**સરકારી/ બિનસરકારી માઘ્યમિક શાળાના શિક્ષકોને મતદાર યાદી/ ચટણીના કામે વેકેશન દરમિયાન કામગીરી રોકાતા વળતર તરીકે રજા મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/ ૧૩૦૬/૩૯૨૨/ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૮ ઓગસ્ટ ૧૯૮૯

**વંચાણમાં લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૯–૯–૮૮ નો પરિપત્ર ક્રમાંક : પી.આર.ઈ./૧૩૮૮/૨૩૧૫/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનો યુ.ઓ.આર. ફાઈલ ક્રમાંક :ઈએલઆર/૧૨૮૮/૬–૭૧/છ, તા.૧૬–૧–૮૯

(૩) ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીનો તા.૨૪–૫–૮૮ નો પત્ર ક્રમાંક : ક/મા. ૨/૨૦૩૪–૩૫

ઉપર આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૧૯–૯–૮૮ ના પરીપત્રથી વેકેશન દરમિયાન ચૂટણીના કામ માટે રોકવામાં આવેલા પ્રાથમિક શિક્ષકોને જેટલા સમયગાળા માટે રોકવામાં આવ્યા હોય, તેટલા સમયગાળાની મુંબઈ મુલકી સેવા નિયમોના નિયમ–૯ મુજબ વળતર રજા મંજૂર કરવાન હુકમો કરવામાં આવ્યા છે. પ્રાથમિક શિક્ષકોની જેમ સરકારી તેમજ બિન સરકારી માઘ્યમિક શાળના શાળાઓના શિક્ષકોને પણ આવી રીતે ચૂટણીના કામે માટે રોકવામાં આવતાં સરકારી/ બિન સરકારી માઘ્યમિક શિક્ષકોએ પણ સરકારમાં રજૂઆત કરતાં સામાન્ય વહીવટ વિભાગો તેમની આમુખમાં દર્શાવેલ યુ.ઓ.આર. ફાઈલની દરખાસ્ત તથા ઉચ્ચ શિક્ષણ નિયામકની આમુખમાં દર્શાવેલ પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ઉપરોકત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણા બાદ સરકારે/ બિનસરકારી માઘ્યમિક શાળાઓના શિક્ષકોને પણ પ્રાથમિક શિક્ષકોને જે રીતે પ્રાપ્ત રજાના લાભ આપવામાં આવે છે તે રીતે વેકેશનના સમય દરમિયાન ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહી ભોગવેલ મુલકી સેવા નિયમોના નિયમ–૯ હેઠળ વેકેશન વિભાગના કર્મચારીઓ માટે કરવામાં આવેલ જોગવાઈને અનુરૂપ કાર્યવાહી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨/– આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક : બમશ/૩૮૯/૪૪૦/ગ ઉપર નાણા વિભાગની તા.૧૩–૬–૮૯ ની નોંધથી કરેલ સ્પષ્ટતા બાદ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સહી) જ.મ. સુતરીયા,**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

## બિનસરકારી માધ્યમિક શાળાઓનો બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રાપ્ત રજાઓનું રૂપાંતર કરવા દેવા બાબત(સેવા દરમ્યાન)

ગુજરાત સરકાર, નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/ ૧૧૯૪/યુઓ/૯–૫/૫,
તા.૫ મી મે, ૧૯૯૫

**ઠરાવ :** આમુખમાં જણાવેલ તા.૫–૧–૯૪ ના ઠરાવ અન્વયે બિનસરકારી માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓને સેવા દરમ્યાન દર બે વર્ષના એક બ્લોકમાં ૧૯૯૩–૯૪ ના બ્લોક વર્ષથી ૧૫ દિવસની પ્રાપ્ત રજાઓનું રોકડમાં રૂપાંતર મંજુર કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવમાં બિનસરકારી માધ્યમિક શાળાઓના પ્રથમ આચાર્યનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. આથી સરકારશ્રીને તે બાબત આચાર્ય સંઘ તરફથી રજુઆતો મળેલ હતી.

શિક્ષણ વિભાગના તા. ૧૦–૪–૮૯ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૦૮૮/૭૫૨/૮૯/ગ, અન્વયે બિન અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય) ને કોઈપણ વેકેશન માટે હકકદાર ગણવામાં આવેલ ન હોઈ તેથી તેઓને નોકરીના પૂરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે પ્રાપ્ત રજાઓ મળવાપાત્ર થાય છે તે બાબતને ધ્યાનમાં લેતાં બિનસરકારી માધ્યમિક શાળાઓના આચાર્ય બિનવેકેશન ગણાશે. આથી તે વર્ગ ને પ્રાપ્ત રજાના રોકડમાં રૂપાંતરનો લાભ આપવાની બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ બિનસરકારી માધ્યમિક શાળાઓના પ્રથમ આચાર્યને પણ નાણાં વિભાગના તા.૫–૧–૯૪ ના ઉપર જણાવેલ ઠરાવનો લાભ ૧૯૯૩–૯૪ ના બ્લોક વર્ષથી આપવાનુ ઠરાવેલ છે.

આ ઠરાવનો અમલ તા.૧–૧–૯૩ થી શરૂ થતાં બ્લોક વર્ષથી કરવાનો રહેશે.

## જોડિયા બાળકો સમેત ત્રણ બાળકોના કિસ્સામાં રજા પ્રવાસ રાહત :

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ નં : મસ–૧૦૯૫–૯૬૫–જ,
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, તા.૧૮–૯–૯૫

**ઠરાવ :** તા.૧–૫–૧૯૮૬ ના રોજ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર સરકારી કર્મચારીઓ ને જો બેથી વધુ જીવીત બાળકો હોય તો તેમને આમુખમાં દર્શાવેલ તા.૨૭–૭–૮૯ ના રોજ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર સરકારી કર્મચારીઓને જો બે થી વધુ જીવિત બાળકો હોય તો તેમને આમુખમાં દર્શાવેલ તા.૨૭–૭–૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબ રજા પ્રવાસ રાહતના લાભ મળવાપાત્ર નથી.

જોડિયા બાળકોને કારણે જ કર્મચારીઓના જીવિત બાળકોની સંખ્યા બેથી વધી જતી હોય તેવા કિસ્સામાં કર્મચારીને રજા પ્રવાસ રાહતનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વક વિચારણાને અંતે સરકાર ઠરાવે છે કે તા.૧–૪–૮૯ કે ત્યારબાદ જોડિયા બાળકોના જન્મના કારણે જીવિત બાળકોની જોગવાઈમાં છૂટછાટ મૂકીને રજા પ્રવાસ રાહતનો લાભ (રજા પ્રવાસના રોકડમાં રૂપાંતર સાથે) મંજૂર કરી શકાશે.

રજા પ્રવાસ રાહત અંગેના આ પ્રકારના બાકી કેસો આ હુકમો મુજબ નિયમિત કરવાના રહેશે. ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

## વેકેશન દરમિયાન કામગીરી માટે રોકવામાં આવતા શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર રજા(ઈ.એલ.) અંગે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ–ગ–૧–ટે.૬–૧૫૮૭૩–૫૦૭
સેકટર–૧૦બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર તા.૧–૫–૨૦૦૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી, (તમામ)
ગુજરાત રાજય.

**ઠરાવ :** વેકેશન દરમિયાન કામગીરી માટે રોકવામાં આવતા શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર રજા (ઈ.એલ.) બાબતે.

**સંદર્ભ :**– માધ્યમિક શિક્ષણ સંઘની તા.૩૦–૪–૨૦૦૨ની રજુઆત અન્વયે.

ઉપરોકત વિષય સંબંધમાં જણાવવાનું કે, વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને વેકેશન દરમ્યાન સરકાર કે બોર્ડની કામગીરી માટે રોકવામાં આવે ત્યારે પ્રાપ્ત રજાઓ અંગેની જોગવાઈ અન્વયે નીચે દર્શાવ્યા મુજબ ગણતરી કરીને મળવાપાત્ર પ્રાપ્ત રજા મંજૂર કરવાની રહેશે. આ પ્રકારની રજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીને જ મળવાપાત્ર થશે.

વેકેશનના સરકારી/ બોર્ડની કામગીરી માટે રોકવામાં આવેલ શિક્ષકોને તેમણે વેકેશન દરમ્યાન ખરેખર બજાવેલ ફરજના દિવસોની સંખ્યાના એક તૃતીયાંશ(૧/૩) જેટલા દિવસો પ્રાપ્ત રજા (ઈ.એલ.) તરીકે મળવાપાત્ર થશે.

ઉપરોકત જોગવાઈ અન્વયે કર્મચારીને પૂર્ણ દિવસની પ્રાપ્ત રજા (ઈ.એલ.) મંજૂર કરવાની રહેશે. ૫૦ કે તેથી વધુ સંપુર્ણ દિવસ માટે એક દિવસ પૂર્ણ રહેશે. જયારે ૫૦ થી ઓછા દિવસની ગણતરી કરવાની રહેશે નહિ.

આ અંગેની જાણ આપના તાબા હેઠળની માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ કરવા જણાવવામાં આવે છે.

**સહી, ડૉ. જી.કે. પટેલ**
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સચિવ, ગાંધીનગર.

## બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મહિલા શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકોની પ્રસૂતિ રજા અંગે.

શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ/ ૧૧૨૦૦૨/૧૦૯૨/ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૫/૨/૨૦૦૫

**વંચાણમાં લીધા :**

(૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૯૮/૧૭/મ,તા.૮–૨–૯૮.
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૮/૨૩૦૯/પાર્ટ–૨/ગ,તા.૮–૩–૯૯.
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧(૨)–ગ,તા.૨–૭–૯૯.
(૪) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, પત્ર ક્રમાંક : ઘ/૨/બમશ/માધ્ય./પ્ર.૨/૨૦૦૧–૦૨, તા. ૮–૪–૨૦૦૨
(૫) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઈ–૧૧૯૯/ઈએમ/૧૦૭૩/ક, તા.૨૨–૧૦–૨૦૦૩

**ઠરાવ :**

ઉપર આમુખમાં સંદર્ભ ક્રમાંક (૨) માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૮–૩–૯૯ ના ઠરાવથી રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને પ્રસુતિ ની રજા આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને સંદર્ભ ક્રમાંક : (૩) માં જણાવેલ શિક્ષણ વિભાગ ના તા. ૨–૭–૯૯ ના ઠરાવથી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ઉપર સંદર્ભ (૫) માં જણાવેલ શિક્ષણ વિભાગના તા. ૨૨–૧૦–૦૩ ના ઠરાવની જોગવાઈઓ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓને આધીન મહિલા શિક્ષણ સહાયકો, મહિલા વહીવટી સહાયકો અને મહિલા સાથે સહાયકોને પ્રસુતિની રજા મંજૂર કરવાનુ આથી સરકારશ્રી ઠરાવે છે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૮–૧–૨૦૦૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી, મનહર આર. ચૌધરી**

સેકશન અધિકારી, વિભાગ

# બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને ડયુટી લીવ (ડી.એલ.) મંજુર કરવા અંગે.

ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મઉમશબ/ગ/ટિ–૬/૧૬૬૬–૭૭૫
સેકટર–૧૦બી,સચિવાલય પાસે, ગાંધીનગર તા.૧૫–૨–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી, (તમામ) ગુજરાત રાજય
ગુજરાત રાજય.

**વિષય :** ડયુટી લી(ડી.એલ.) મંજૂર કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભ દર્શિત ઠરાવથી નકકી થયા મુજબ રાજયની નોંધાયેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સંવૈધાનિક રીતે રચાયેલી શિક્ષણ સમિતિમાં કોઈ હોદો ધરાવતા હોય અથવા સરકાર માન્ય યુનિવર્સિટીમાં સિન્ડિકેટ/ સેનેટ સભ્ય તરીકે પોતાની સેવાના સંવર્ગમાં પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા હોય અને હોદાની રૂએ તેમણે બજાવવાની કેટલીક કામગીરી માટે અથવા જાહેર હિતના કાર્યક્રમમાં હોદાની રૂએ હાજરી આપવાની થતી હોય ત્યારે તેટલા સમય પૂરતી ડયૂટી લી (ડી.એલ) મંજુર કરવાનુ નકકી કરવામાં આવ્યું છે.

ઉપરોકત જણાવેલ સંજોગોમાં આ પ્રકારનો હોદો ધરાવતા કર્મચારીને ડયુટી લીવ મંજૂર કરવા જિલ્લાની તમામ શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

**સહી, વી.બી. નાણાવટી**
સચિવ, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ

## ગુ.માશિ. વિનિમયો ૧૯૯૪, તેમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩ સપ્ટે. ૨૦૦૩.

**વંચાણમાં લીધો :** (૧) નાણા વિભાગનો તા.૧૬–૭–૯૯ નો ઠરાવ ક્રમાંક : એલવીઈ–૧૦૯૮ – ૧૦૨૪–૫(૨) શિક્ષણ વિભાગનો તા.૨૩–૯–૯૯ નો પત્ર ક્રમાંક : બમશ–૧૧૯૯–૨૩૪૬–ગ (૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ઉમશબ–ગન્ટે, ૬–૭૮૯.

**ઠરાવ :–** ઉપર આમુક ક્રમાંક(૧) અને (૨) માં જણાવેલ અનુક્રમે નાણાં વિભાગના તા.૧૬–૭–૯૯ ના ઠરાવથી અને શિક્ષણ વિભાગના તા.૨૩–૯–૯૯ ના પત્રથી હકક રજા અંગે કરેલ જોગવાઈઓને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો– ૧૯૭૪ માં હકક રજા અંગે કરેલ જોગવાઈઓમાં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ઉપર આમુખ ક્રમાંક (૩) માં જણાવાયેલ તા.૧–૨–૦૩ ના પત્રથી કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો ૧૯૭૪ ના વિનિમય ક્રમાંક : ૩૦ (૭) (ક) અને વિનિમય ક્રમાંક : ૩૦ (૭) (ખ) નીચે મુજબ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે.

**વિનિમય ક્રમાંક : ૩૦ (૭) (ખ)**

બિન સરકારી માધ્યમિક શાળાઓનાં શિક્ષકોએ વેકેશન દરમિયાન સરકારી/ બોર્ડની કામગીરી માટે ફરજીયાત રોકવામાં આવે ત્યારે તેઓને નહીં ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓનાં ખાતે રજા જમા કરવા માટે સુધારેલ રજાના નિયમો ના નિયમ–૯ અને નિયમ–૯(એ) ની જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે અને તે મુજબ વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓ ને હકક રજા મળવાપાત્ર થશે.

**વિનિયમ ક્રમાંક : ૩૦(૭)(ખ) (૧) :** બિન–અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હકદાર થશે નહી. પણ નોકરીના પુરા વર્ષ ૩૦ લેખે ફરજ ના વર્ષ દીઠ હકક રજા મળશે.

રાજયની તમામ બિન–સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્ત રજા / અર્ધપગારી રજાનુ નિવૃતિ સમયે કુલ ૩૦૦ દિવસની રજાઓનુ રોકડમાં રૂપાંતર કરવાનુ રહેશે.

બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં બિન શૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ મળી શકશે નહી. પરંતુ તેઓના ખાતે જમા પ્રાપ્ત રજાઓનુ નિવૃત સમય મહતમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકશે. આ જોગવાઈઓનો અમલ તા. ૧–૭–૧૯૯૭ થી કરવાનો રહેશે. ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(મનહર આર. ચૌધરી)**

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

.............................................................

## સ્ત્રી વિદ્યા સહાયકોને પૂરા પગારમાં સમાવિષ્ટ કરવા ૬૦ દિવસ પ્રસુતિની રજાઓ ગણતરીમાં લેવા અંગે

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ક્રમાંક : પ્રાશિનિ/ક/૦૫/૧૦૨૪૦–૨૮૮, ર્ડા. જી.મ. ભવન,
બ્લોક નં. ૧૨/૧, ગાંધીનગર, તા.૧–૮–૨૦૦૫.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ગાંધીનગર

**વિષય : સ્ત્રી વિદ્યાસહાયકોને પુરા પગારમાં સમાવિષ્ટ કરવા ૬૦ દિવસ પ્રસુતિ ની રજાઓ ગણતરીમાં લેવા બાબત.**

**સંદર્ભ** : આ કચેરીનો પત્ર નં. ૨૯–પનસ–૧–વિદ્યા સહાયક–૨૦૦૦–છ–૨૩૨૬૧–૩૧૬. તા.૨૨–૧૨–૨૦૦૦.

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ સંઘના તા.૧૫–૭–૦૫ ના પત્રની નકલ આ સાથે રાખી મોકલી આપતાં જણાવવાનું કે શિક્ષણ વિભાગના તા.૨૨–૧૦–૦૩ ના ઠરાવથી સ્ત્રી વિદ્યા સહાયકોને પ્રસુતિની રજાઓની લાભ રાજય સરકારના સ્ત્રી કર્મચારીઓના સમાન ધોરણે આપવામાં આવ્યા છે તે અગાઉ સ્ત્રી વિદ્યા સહાયકોને સંદર્ભ હેઠળના પત્રની સૂચના મુજબ પ્રસુતિના હેતુ સબબ બે માસ ની બિનપગારી રજા મંજૂર કરવાની રહેતી હતી. વધુમાં આવી બિનપગારી રજાઓ મંજૂર કરવાના લીધે સ્ત્રી વિદ્યા સહાયકની નોકરીમાં બ્રેક ગણવાનો રહેતો ન હોવાથી પાંચ વર્ષની નોકરીને અંતે સ્ત્રી વિદ્યા સહાયકોને નિયમિત કરતી વખતે આવી પ્રસુતિની કપાત પગારી રજાઓનો (૬૦ દિવસ) સમયગાળો બાદ કરવાનો રહેતો નથી. આમ છતાં રાજય

સંઘની રજુઆત મુજબ જો જિલ્લામાં પ્રસુતિ ઉપર મુજબ ૬૦ દિવસની બિનપગારી રજાઓ બાદ કરીને પાંચ વર્ષનો સમયગાળો ગણવામાં આવતો હોય તો આ કાર્યવાહી સરકારી સૂચના વિરુઘ્ધની છે. સબબ સંદર્ભિત પત્રની સૂચના મુજબ અગાઉ મંજૂર કરવામાં આવેલી આવી કપાત પગારી રજાઓ (૬૦ દિવસ) બાદ કર્યા સિવાય પાંચ વર્ષનો સમયગાળો નકકી કરી સ્ત્રી વિદ્યાસહાયકોને નિયમિત કરવાની કાર્યવહી કરવા આથી આપને જણાવવામાં આવે છે. વધુમાં આવી રજાઓ બાદ કરીને અગાઉ નિયમિત કરવામાં આવેલા કિસ્સાઓ પણ ઉપર પ્રમાણે પુનઃ વિનિયમિત કરવા જણાવવામાં આવે છે.

**સહી, આર.સી. રાવલ**

પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગર.

..............................................................................................

ક્રમાંક :ગ્રાન્ટ/ચૂ.કા./૧૯૯૪૧–૨૦૨૪૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
મહેસાણા
તા.૧૫–૧૦–૨૦૦૮

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માઘ્ય. અને ઉ.મા. શાળાઓ,
મહેસાણા જિલ્લો.

**વિષય : ચૂટણી કામગીરી અંગે વળતર રજાઓ બાબત...**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે .. . વિધાનસભા સામાન્ય ચૂટણી –૨૦૦૭ માં વેકેશન દરમ્યાન શાળના તમામ કર્મચારીએ હેડ કવાર્ટર છોડવુ નહી તેવી સૂચના પાઠવેલ જે અન્વયે ચૂટણીની કામગીરી બજાવવા બાબતે શિક્ષક સંવર્ગના કર્મચારીઓએ બજાવેલ ફરજની સામે મળવાપાત્ર રજાઓ બાબતે વેકેશન જેટલા સમય માટે શિક્ષક કર્મચારી ચૂંટણીની ફરજના કારણે વેકેશન ભોગવી શકયા ન હોય તેટલા સમય માટે સુધારેલા રજાના નિયમોના નિયમ–૯ ની જોગવાઈ મુજબની પ્રાપ્ત રજાઓ મળવાપાત્ર થશે.

ઉકત રજા બાબતે નીચે મુજબ ઉદાહરણ સ્વરૂપે સ્પષ્ટતા આપવમાં આવે છ વેકેશન ભોગવી શકયા ન હોય તેવા જ શિક્ષક કર્મચારીઓને પ્રાપ્ત રજાઓ આપવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| | વેકેશન ભોગવવાની છૂટ આપવામાં ન આવી હોય તે દિવસોની સંખ્યા | ખરેખર નોકરી ફરજનો સમય | ૩૦ |
| પ્રાપ્ત રજા = | ------------------------------- x | ----------------------- x | ----- |
| | કુલ વેકેશન દિવસોની સંખ્યા | ૩૬૫ | ૦૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | 14 | | 19 | | 30 |
| - | ---- | x | ----- | x | ----- |
| | 42 | | 365 | | 01 |
| | 1 | | 3 | | 30 |
| - | --- | x | ---- | x | ---- |
| | 3 | | 5 | | 1 |
| = | **6 દિવસ** | | | | |

**જિલ્લા શિક્ષણાધિકારી**
**મહેસાણા, જિ.મહેસાણા**

.............................................................................................

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર, નં.અનુદાન ૧૫ વેકેશન રજાધ/૪૦૯૭–૯૮
ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદ તા.૬–૮–૧૯૮૨

પ્રતિ,
સચિવશ્રી,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,
સચિવાલય, ગાંધીનગર

**વિષય** : વેકેશન દરમિયાન યોજાતી સાંસ્કૃતિક પ્રવૃતિમાં જોડતા શિક્ષકોની રજા બાબત.
**સંદર્ભ :** એ.સ.પ. યસપ/સુસક : ૧૩૮૨ ખ/ ૮–૬–૮૨

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વેના સંદર્ભમાં જણાવવાનું કે વેકેશન દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમો તથા તાલીમ શિબિર યોજાતાં શૈક્ષણિક સ્ટાફને રોકવામાં આવે અને વેકેશન જતું કરવાનું રહે તેમને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમય ૩૦–૭અ ની જોગવાઈ મુજબ આવા શિબિર કે કાર્યક્રમો

વેકેશનનો જેટલો સમય હાજરી આપેલ હોય તેના પ્રમાણમાં વળતર હકકરજા મળી શકે છે. આ અંગે મંજૂરી જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મેળવવાની રહેશે.

આપનો વિશ્વાસુ(સહી)

ઉચ્ચ શિક્ષણ નિયામક વતી,

.........................................................................................

**ક્રમાંક : મશબ/જી–૭/રજા/૩૨૭૫–૩૩૩, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર ૧૦–બી, સચિવાલય પાસે, ગાંધીનગર તા.૨૪–૪–૮૬**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજય (તમામ)

**વિષય** : બી.એડ. ની પ્રાયોગિક પરીક્ષામાં પરીક્ષક તરીકે નિમાયેલ શિક્ષકો/આચાર્યોને ખાસ રજા આપવા બાબત.

જયભારત સહ ઉપરોકત વિષયમાં જણાવવાનું કે બી.એડ. ની પ્રાયોગિક પરીક્ષા માટે જે માધ્યમિક શાળાનાં શિક્ષકો/આચાર્યનો સેવા લેવામાં આવે છે, તેઓને ખાસ વધારાની પરચૂરણ રજા મળવા સંબંધમાં બોર્ડ સમક્ષ રજૂઆત આવી હતી. આ સંબંધમાં બોર્ડની તા.૨૦–૩–૮૬ ની કારોબારી સમિતિએ નીચે જણાવ્યા પ્રમાણે ઠરાવેલ છે.

“બ.એડ.ની માર્ચ–૮૬ અને ત્યાર પછી પ્રાયોગિક પરીક્ષામાં કામ કરતા શિક્ષકો/ આચાર્યો ને ખાસ વધારાની રજા મંજૂર કરવા સંબંધમાં રજૂ થયેલ દરખાસ્ત મંજૂર રાખવામાં આવી તથા આ અંગે જરૂરી પરિપત્ર પાઠવવી તેવું ઠરાવવામાં આવ્યું.”

સબબ ઉપરોકત ઠરાવ અંગેની જાણ આપના જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓના વડાશ્રીઓને તાત્કાલિક કરવા વિનંતી છે.

**(સહી) સચિવ,**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## બોર્ડની જાહેર પરીક્ષાની 'મધ્યસ્થ મૂલ્યાંકન' ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને વળતર રજા મંજૂર કરવા અંગે.

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ક્રમાંકઃ મઉમશબ/ગ/ટિ–૬–૧૪૬૯/૧૫૫૮
સેકટર ૧૦–બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૫–૨–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) ગુજરાત રાજય

**વિષય : બોર્ડની જાહેર પરીક્ષાની 'મધ્યસ્થ મૂલ્યાંકન' ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને વળતર રજા મંજૂર કરવા અંગે.**

**સંદર્ભ :**(૧) બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવક્રમાંક : ૨૮૭/૨૦૦૪, તા.૨૮–૯–૦૪

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ચાલુ શાળા દરમ્યાન 'મધ્યસ્થ મૂલ્યાંકન' ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને રવિવાર અને જાહેર રજા દરમિયાન કરેલ કામગીરીની રજા આપવા બાબતે બોર્ડની તા.૨૮–૯–૦૪ ની કારોબારી સમિતિમાં બાબત રજૂ કરવામાં આવી હતી. સમિતિના ઠરાવક્રમાંક ૨૮૭/૨૦૦૪ અન્વયે બોર્ડની જાહેર પરીક્ષાના 'મધ્યસ્થ મૂલ્યાંકન' ની કામગીરી માટે જાહેર રજા અને રજાના દિવસોએ કામગીરી કરનાર કર્મચારીને વળતર રજા આપવાનું ઠરાવવામાં આવ્યુ છે, તો તે પ્રમાણેની જાણ આપના તાબા હેઠળની શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

**નોંધ :** રવિવાર અને જાહેર રજામાં જેટલા દિવસ કામ કર્યુ હોય તેટલા દિવસની વળતર રજા મળવાપાત્ર થાય **પરંતુ વળતર રજા જે તે શૈક્ષણિક વર્ષમાં જ ભોગવી લેવાની રહે છે. વળતર રજાને સર્વિસબુકમાં રજાના હિસાબમાં ઉધારવાની નથી જેની ખાસ નોંધ લેવી.**

**સહી, વી.બી. નાણાવટી**
સચિવ, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ